ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બૂલટે ધો દિવાસળી, પ્હેલાં ફાટકો તો બંધ કરો!*
*દંભ દૂર કરી, વિકાસનાં ચેટત તો બંધ કરો!*
*ત્રાટક કરો ગરીબી પર, ધો લંગોટ-રોટી-છત -*
*ઉતરો આભથી, પ્રચારનાં નાટક તો બંધ કરો!*
*(૧૪ નિર્દોષ બાળક કચડાયાં)*

### હાઈકુ

*મેટ્રો - બૂલેટ!*
*જોજો ઘૂસી ન જાય!?*
*ગામ - ઘરમાં...*
*(બીન આવડત - બેદરકારી)*

*દંભી લીંપણે*
*વિકાસના પોપડા -*
*ગરીબી પર...*
*(બાહ્ય - દેખાડા)*

### ચિંતન

*ધૈર્યલાવણ્યગામ્ભીર્ય પ્રમુખૈ સ્ત્વમુદન્વત: ।*
*ગુણૈસ્તુલ્યોડસિ ભેદન્તુ વપુષૈર્દર્શન તે ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**ધીરજ, લાવણ્ય, ગાંભીર્ય વગેરે મુખ્ય ગુણોને અનુસરીને તું સમુદ્ર જેવો છે, બંનેના શરીરમાં જ માત્ર ફેર રહેલો છે અર્થાત સમુદ્ર જળમય છે અને તું આવો શરીરધારી છે.**

**વ્યક્તિ સમજપૂર્વક વિવેક અને સંયમથી આચરણ કરે બોલે ગંભીર રહે કે મર્યાદાનું પાલન કરે એ 'શરીર' હોવા છતાં 'સમુદ્ર' જેવો વિશાળ ઉદાર અને ઊંડાણપૂર્વકનું વ્યક્તિત્વ ધરાવનાર છે.**

### સુવિચાર

- કાયદો એ કઠેડા વગરનો પુલ છે : નાગરિક એ પુલની મર્યાદામાં ચાલે ત્યાં લગી સલામત - **રોબર્ટ બોલ્ટ**
- રહેવું જોઈએ હંમેશ આપણે કોરા કાગળ જેવા...
  જેથી પ્રભુની ઈચ્છા એમાં તત્ક્ષણ અંકિત થાય છે - **ભક્તિસૂત્ર**
- કાળ દયાળુ દેવતા છે - **અફઘાન કહેવત**
- તમે ભગવાનની નજીક છો કે દૂર એ તમારી કરણી વડે જ નક્કી થાય છે - **ગુરુનાનક**
- કહેવત એટલે અભણોનું સાહિત્ય - **ફ્રેંડરીક નિત્સે**
- ઉદ્ધાતાઈ એ નબળા માણસથી થતો બળનો દેખાવ છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : આમળાનું ચૂર્ણ એક ચમટી તથા એક ચમચી ગાયનું ઘી મિક્સ કરી લાંબા સમય સુધી લેવાથી તોતડાપણામાં ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમેરિકામાં થયેલા લોહિયાળ આંતરવિગ્રહના સમયે અબ્રાહ્મ લિંકને રાષ્ટ્રપ્રમુખ તરીકે અમેરિકાનું સુકાન સંભાળ્યું. ભયંકર વિરોધ અને વૈમનસ્યની ચારેતરફ ફેલાયેલી આગ વચ્ચેથી માર્ગ કાઢવાનો હતો. અમેરિકા માટે તથા લિંકન માટે આ સૌથી કપરી કસોટીનો સમય હતો.

એવામાં લશ્કરમાંથી એક સાથે ભાગી છૂટેલા પચ્ચીસ સૈનિકો સામે લશ્કરી અદાલતમાં કેસ થયો અને તે તમામને બરાબર બોધપાઠ મળે તે માટે ફાંસીએ ચડાવવાનો હુકમ થયો. આ હુકમ છેલ્લી મંજૂરી માટે લિંકન પાસે આવ્યો. લિંકનને વિચાર આવ્યો કે આ સૌ અંતે તો મારા દેશ બાંધવો છે. બે દિવસ સુધી લિંકને આ હુકમ ઉપર સહી ન કરી એટલે સેનાપતિ એ રૂબરૂમાં લિંકનને મળીને કહ્યું, 'આ પચ્ચીસ સૈનિકોને ફાંસીની સખતમાં સખત સજા કરી બરાબરનો દાખલો બેસાડો.'

લિંકને સેનાપતિ સામે પ્રેમાળ નજરે જોઈને કહ્યું, 'જનરલ, અમેરિકામાં આજે રૂદન કરતી મહિલાઓની સંખ્યા કેટલી બધી છે ? કેટલી બધી સ્ત્રીઓએ યુદ્ધમાં પોતાના પતિ, પિતા અને પુત્ર ગુમાવ્યા છે? હવે ભગવાન ને ખાતર એ સંખ્યામાં વધારો કરવાનું મને ન કહેશો. તમારો આ હઠાગ્રહ છોડી દો. હું કહું છું કે હું કદી આવી કોઈ સજાને મંજૂર કરીશ નહીં.'

# જય જય ગરવી ગુજરાત

### તંત્રીસ્થાનેથી...

ઈતિહાસનાં પૃષ્ઠો પર છેક પ્રાગૈતિહાસિક કાળનાં પગલાં ઝીલનારી ગરવી ગૂર્જર ભૂમિને કેટકેટલી લીલીસૂકી જોયા પછી વર્તમાન સ્વરુપ સાંપડ્યું છે ! એણે હડપ્પન સંસ્કૃતિનો વિકાસ અને વિનાશ જોયો એ પહેલાં કરોડો વર્ષો અગાઉ ભયંકર ડાઈનાસોર અને મેમોથ જેવાં વિકરાળ પ્રાણીઓ એને ઘમરોળી ચૂક્યાં હતા. એણે આર્યોની આશ્રયભૂમિ સ્વરુપે વિશ્વપ્રસિદ્ધિ મેળવી તે પૂર્વે એ આનર્ત પ્રદેશ તરીકે ઓળખાતી રહી. સુરાષ્ટ્ર અને કચ્છની આગવી અસ્મિતા છતાં એ પ્રદેશ તરીકે ગુર્જર રાષ્ટ્ર સાથે અને દેશ તરીકે આર્યાવર્ત સાથે જોડાયેલી સુસંસ્કૃત ભોમકાની ઓળખ ધરાવતાં હતા. અંગ્રેજોના શાસન કાળમાં દેશમાં સૌથી વધુ રજવાડાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં હતા. આઝાદીની ચળવળનું એપિસેન્ટર રહેતું ગુજરાત આઝાદી પછી બૃહદ્ મુંબઈ રાજયનો ભાગ બની ગયું અને મુંબઈ દેશની આર્થિક રાજધાની ઉપરાંત ગુજરાતીઓ માટે પણ વેપારધંધાનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું હતું. એથી જ કદાચ મુખ્યમંત્રી મહારાષ્ટ્રના હોય ત્યારે પણ નાણામંત્રી ગુજરાત વિસ્તારમાંથી પસંદ કરાયા. યશવંતરાય ચવ્હાણ મુખ્યમંત્રી હતા ત્યારે ડૉ. જીવરાજ મહેતા મુંબઈ રાજયના નાણામંત્રી હતા. એ જ રીતે બાળાસાહેબ ખેર મુખ્યમંત્રી હતા ત્યારે એમના બીજા નંબરના સાથી મોરારજી દેસાઈ હતા. મુંબઈ રાજયમાંથી ગુજરાતને છૂટું પાડવા માટે ગુજરાતની પ્રજાએ મોટું આંદોલન કર્યું હતું. મહાગુજરાત આંદોલનનું સુકાન ઓલિયા ગાંધીવાદી લોકસેવક ઈંદુલાલ યાજ્ઞિકે સંભાળ્યું હતું. પ્રબોધ રાવળ અને હરિહર ખંભોળજા જેવા ઝુઝારુ યુવક નેતાઓ આ જ આંદોલનની નીપજ હતા. શહીર વીર કિનારીવાલાની ખાંભી આજે પણ એ લોક આંદોલનની સાહેદી પૂરે છે. ગુજરાતનું અલગ રાજય સને ૧૯૬૦ની પહેલી મે ના શુભ પ્રભાતે અસ્તિત્વમાં આવ્યું. સાબરમતી આશ્રમ ખાતે લીમડાના વૃક્ષ નીચે ઊભા રહી મૂક સેવક રવિશંકર મહારાજે ગુજરાત રાજયની સ્થાપનાનો સંકલ્પ લેવડાવ્યો હતો. ગાંધી-સરદારની રાહે ચાલવાનો એ સંકલ્પ આપણા શાસકોએ કેટલા પ્રમાણમાં પાળ્યો છે તે ચર્ચાનો વિષય બની શકે પરંતુ નરસિંહ, નર્મદ, પ્રેમાનંદ, ગોવર્ધનરામ કે મેઘાણી, ઉમાશંકરની કલમે આલેખાયેલી 'ગુણવંતી' ગુજરાત (ગુજરાત રાજય) આજે વિશ્વના નકશામાં એની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શક્યું છે એ વિષે ભાગ્યે જ શંકા થઈ શકશે. ડૉ. જીવરાજ મહેતાની સાદગીપૂર્ણ જીવનશૈલીથી લઈ નરેન્દ્ર મોદીની વૈભવી શાસનશૈલી સુધીના રંગો ગુજરાતે જોયા છે. એને ચીમનભાઈ પટેલ જેવા મુત્સદ્દી નેતા મળ્યા જેમણે કેન્દ્ર સામે નર્મદા ડે મુદ્દે રીતસર આંદોલન છેડીને ગુજરાતના ખેડૂતો માટે અને તરસી પ્રજા તેમજ પ્યાસી ધરા માટે આશીર્વાદરુપ કામગીરી બજાવી. માધવસિંહ સોલંકીએ સર્વહારા સમુદાયને પહેલી હરોળમાં મૂકી સિનારિયો જ બદલી નાખ્યો. કેશુભાઈ પટેલ જેવા ખેડૂત આગેવાને ગુજરાતનું સુકાન સંભાળ્યું અને કોંગ્રેસી શાસનની પરંપરાને જબરદસ્ત આંચકો આપ્યો ગુજરાતને બાબુભાઈ જશભાઈ પટેલ જેવા તંતોતંત ગાંધીવાદી મુખ્યમંત્રી પણ મળ્યા, જેમણે નર્મદા યોજના ખાતર પાછળથી ચીમનભાઈના મંત્રીમંડળમાં એક મંત્રી તરીકેની કામગીરી સંભાળતાં પણ હીણપત ન અનુભવી. શંકરસિંહ વાઘેલાની માંડ એકાદ વરસ ચાલેલી સરકાર ત્વરિત નિર્ણયો અને પારદર્શક લોકાભિમુખતા માટે યાદ રહેશે. ગુજરાતની આ સફરના સૌથી પ્રખર સુકાની તરીકે નરેન્દ્રભાઈ મોદી બારોબાર દિલ્હીથી ખાબક્યા અને કુનેહપૂર્વકની કામગીરી તથા વિકાસના મુદ્દે લોકપ્રિયતાનાં શિખરો આંબી ભારતના વડાપ્રધાનપદે આરૂઢ થયા. આનંદીબેન એ અને તે પછીના વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મોદીના જ પગલે ચાલવાનો પ્રયાસ કરી રહ્યા છે. એમને અંતઃકરણની શુભેચ્છાઓ સાથે જય જય ગરવી ગુજરાત.

# એકધારા પ્રયત્નોનું બીજુ નામ છે જિંદગી



### અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

'હાથી ......'

'એક મહાકાય પ્રાણી'

'કેવી રીતે બંધાઈ શકે ?' અમારા મનમાં પ્રશ્ન ઉઠયો હતો.

'હાથી બંધાય ખરો ? ને કયાંય નહિ જાય ?'

'મને વિશ્વાસ નથી બેસતો.' મિત્રએ કહયું.

'તમે સ્હેજ પણ ચિંતા ન કરો, હાથી છૂટી શકે તેમ છે છતાં તે છૂટવાનો પ્રયત્ન નહિ કરે.' મહાવતે અમને વિશ્વાસપૂર્વક જણાવ્યું હતુ.

તાજેતરમાં પૂ. મોરારીબાપુને ત્યાં મહુવા ખાતે શિક્ષણપર્વમાં જવાનું થયેલું. પહેલા દિવસના અંતે સાંજે હું શિક્ષણપર્વમાં આવેલા કેટલાક મિત્રો ગુરુકુળની બહાર ચાલવા-લટાર મારવા નિકળેલા. ગુરુકુળ નદી કિનારે આવેલું છે. નારિયેળીના વનને માણવાની મજા પડી હતી. થોડેક આગળ ચાલતા અમને હાથી અને તેના રક્ષકો-મહાવતો નજરે પડયા. હાથીને નજીકથી જોવાનો બાળપણનો લોભ હું હજી છોડી શકયો નથી. હાથી બંધાયેલો હતો. નિરીક્ષણ કરતાં અમારા આશ્ચર્યનો પાર ન રહયો. અમે જોયું કે મહાવતે તેના મહાકાય હાથીને માત્ર એક પાતળી દોરીથી બાંધી રાખ્યો હતો અને હાથી જે ખુંટી સાથે બંધાયેલો હતો તે પણ નાજુક હતી. હાથી ખૂબ જ સરળતાથી છૂટીને જઈ શકે તેમ હતો. મારા મિત્રથી રહેવાયું નહિ. તેણે મહાવતને પૂછયું, 'હાથી તો આ પાતળી દોરી તોડીને જઈ શકે તેમ છે અને જે ખૂંટી સાથે હાથીને બાંધ્યો છે તે પણ કેટલી નાજૂક અને નાની છે. છુટી જવું એ આટલા મોટા વિશાળકાય હાથી માટે રમત વાત છે.'

અમે બધાં જ મિત્રની વાત સાથે સંમત હતા. અમને બધાનો શાંતીથી સાંભળી લીધા બાદ મહાવતે ખૂબજ ઠંડા અવાજે વાત માંડી. મહાવતે કહયું, 'ભાઈ, તમારી વાત સાચી છે. હાથી આ પાતળી દોરી અને આ ખૂંટીને એક જ ઝાટકે તોડી શકે તેમ છે. છતાં તે તેવું નહિ કરે.'

'કેમ ?' અમે બધા એક સાથે બોલી ઉઠ્યાં.

મહાવતે ફિલોસોફરની અદાથી અમારી મૂંઝવણ ઉકેલવાનો પ્રયત્ન કર્યો. તેણે કહયું, 'હાથી ખૂબ નાનો હતો ત્યારે અમે તેને આમ જ નાનકડી દોરી વડે બાંધતા હતા. તે વખતે તેને માટે આ દોરી મોટી અને મજબૂત હતી. તૂટી શકે તેમ નહોતી, કારણ કે હાથી નાનો હતો. તે સમયે નાનકડાં હાથીએ છૂટવા માટે ખૂબ પ્રયત્ન કર્યો હોય પણ નિષ્ફળતા મળી હોય. હાથી છૂટી શકતો નહિ.'

પરંતુ, 'આજે તો હાથી મોટો થઈ ગયો છે અને તેના માટે આ શકય છે.' મારા મિત્રએ વચ્ચે જ પ્રશ્ન પૂછયો.

મહાવતે કહયું, 'ના નહિ, હાથીએ નાનપણમાં કરેલાં પ્રયત્નોને કારણે એ વાત તેના મનમાં એવી તો દૃઢ થઈ ગઈ છે કે 'દોરડું મજબુત હોય છે અને છૂટી શકાતું નથી.' વર્ષો પછી હાથી ભલે મોટો થાય, કે તેની શકિતઓ વધે, પરંતુ તેના મનમાં આ વાત બરાબર ઠસી ગયેલીહોય છે. તેના આ પૂર્વ અનુભવને તેનું મન મજબુત રીતે બાંધી રાખે છે. છેવટે હાથી પ્રયત્નો કરવાનું જ છોડી દે છે. અને પરિણામે વર્ષો પછી મજબુત મહાકાય પ્રાણી બનવા છતાં નાજુક દોરીને તે છોડી કે તોડી શકતો નથી.

કેટલાક અસફળતાને વાગોળ્યા કરવાની કુટેવ ધરાવતાહોય છે. પૂર્વે થયેલા નિષ્ફળ અનુભવોને આધારે વર્તમાનમાં પ્રયત્નો કરવાનું છોડી દેતા હોય છે. પહેલાનાં બંધનો આજે પણ એટલાં જ મજબૂત હશે તેવું માની લઈ મુકિતના સપનાઓ જોવાનું છોડી દે છે. પૂર્વે બનેલી કડવી ઘટનાઓ આજે પણ તે જ પ્રમાણે ઘટશે તેવું નકકી કરી લેવામાં આવે છે. પૂર્વે થયેલા અનુભવને કારણે હવે પ્રયત્નો કરવાથી કોઈ લાભ થવાનો નથી એવું દૃઢ પણે માનતા થઈ જાય છે. ગઈ કાલની સરખામણીએ આજે શકિતઓ અને આત્મવિશ્વાસ વધ્યાં છે તેવું સ્વીકારવાની હિંમત જ ખોઈ બેઠા છે. પરિણામે કાચુ દોરડુ પણ આત્મવિશ્વાસના અભાવે તોડી શકાતું નથી. પૂર્વે મળેલી અસફળતાને લીધે માની લેવામાં આવે છે અને પોતાના દ્વારા જ ઊભી કરાયેલી ગેર માન્યતાના કોચલામાં આખું

**અનુસંધાન પાના નં ૭ પર**

# 'કુશોક બકુલા રિમ્પોછે' – કુછ યાદ હમે ભી કર લો

અપ્પ દિપો ભવઃ-તું જ તારો દીવો થા. ગઈકાલે જ 'બુદ્ધ પૂર્ણિમા' હતી... અને આજે તે જ ડગર પર ચાલનારા પોતે દીવો બનીને જગને રસ્તો બતાડનારા તેમના જ એક પરમ શિષ્ય - દેશભક્ત શિષ્ય કુશોક બકુલા રિમ્પોની વાત કરવી છે.

આ વર્ષ કુશોક બકુલા રિમ્પો છે નું જન્મ શતાબ્દિનાં રુપમાં ઊજવાઈ રહ્યું છે, ત્યારે તે મહાન વ્યક્તિએ ભારતની આઝાદી વખતે અને ખાસ તો ભારતના વિભાજન વખતે ભારત માટે કેટલી મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી તેને યાદ કરવી આવશ્યક છે...


આજથી ૨૬૦૦ વર્ષ પહેલા ભગવાન બુદ્ધે જયારે સંસાર છોડી જવાનો નિર્ણય કર્યો તેમના ૧૬ પટ્ટ શિષ્યોએ પ્રતિજ્ઞા કરી કે, તેઓ નિર્વાણ (મોક્ષ) પામશે છતાં પણ જયાં સુધી સમગ્ર માનવજાત દુન્યવી દુઃખોથી ઉપર નહીં આવે ત્યાં સુધી તેઓ વારંવાર આ પૃથ્વી પર અવતરિત થયા કરશે... તે ૧૬ પટ્ટ શિષ્યોમાંથી એક બકુલા હતા...

કુશોક એટલે કે મઠાધિપતિ અને રિમ્પો છે એટલે વિદ્વાન. આમ, કુશોક બકુલા રિમ્પોછે માં નામ તો માત્ર બકુલા જ છે... બાકીના બંને તો વિશેષણ જ છે.

'બકુલા'ના અત્યાર સુધીમાં ૨૦ અવતાર થઈ ગયા છે, અને તેમના છેલ્લા ચાર અવતાર જમ્મુ કાશ્મીરમાં થયા છે.

તેમાંથી અત્યારે આપણે ૧૯માં કુશોક બકુલાની વાત કરવી છે, ૧૯ મેં ૧૯૧૭માં લદ્દાખ





ક્ષેત્રમાં લેહથી ૨૨ કિ.મી. દૂર માથો નામના એક ગામમાં રાજવી પરિવારમાં તેમનો જન્મ થયો હતો, ૧૯૨૬માં કુશોક બકુલા તિબેટની રાજધાની લ્હાસાની દ્રેપુંગ વિશ્વવિદ્યાલયમાં ૧૪ વર્ષ સુધી તેમણે બૌદ્ધદર્શન ઉપર અધ્યયન કર્યું.

૧૯૪૦ની આસપાસ તેઓને સમાચાર મળ્યા કે ભારતની આઝાદી તો નજીકમાં દેખાઈ રહી છે, પરંતુ વિભાજનની મુસીબત પણ તોળાઈ રહી છે, તો સાથે સાથે બીજા વિશ્વયુદ્ધના ભણકારા પણ વાગી રહ્યા હતા. આવા સમયમાં આ આધ્યાત્મ ગુરુ રાષ્ટ્રહિત માટે લદ્દાખ પાછા આવી ગયા... કારણ કે તેઓ જાણતા હતા કે જો વિભાજનની અગ્નિ ભડકશે તો મુસ્લિમ લીગને અલગ રાષ્ટ્ર મળશે તો લદ્દાખ જે જમ્મુકાશ્મીરનો ભાગ છે, તેની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની રહેવાની છે...

લદ્દાખમાં આવીને તેમણે સૌ પ્રથમ તો લોકોને જોડવાનું કામ અને પ્રત્યક્ષ સંપર્ક કરવાનું કામ શરુ કર્યું. પટ્ટુ, ટટ્ટુ અને સત્તુ. લદ્દાખી માટે આ ત્રણ બહુ મહત્ત્વના છે... પટ્ટુ પહેરવાનું, ટટ્ટુ પર ફરવાનું અને સત્તુ ખાવાનું.... આમ તેઓ ઘોડા અને ખચ્ચર પર ફરી ફરીને આખા લદ્દાખના એક એક ગામમાં ફર્યા અને લોકોને પરિસ્થિતિથી વાકેફ કર્યા, જાગૃત કર્યા.

આખરે ૧૯૪૭ની સાલ આવી અને સ્વતંત્રતા સાથે વિભાજન પણ આવ્યું. લોર્ડ વાઈસરોય માઉન્ટ બેટન સ્વયં કાશ્મીરના રાજા હરિસિંહ પર પાકિસ્તાનમાં જોડાઈ જવા દબાણ કરી રહ્યા હતા....

હરિસિંહ માટે સૂડી વચ્ચે સોપારી જેવો હાલ હતો... જૂનાગઢ - હૈદરાબાદ જેવા રજવાડાના પ્રશ્નોમાં સરદારને વ્યસ્ત રાખીને કાશ્મીરનો મુદ્દો નહેરુએ ખુદ પોતાના હાથમાં લીધો... તેના દુષ્પરિણામની ચર્ચામાં નથી ઉતરવું.. પરંતુ ૧૯૪૭-૪૮ માં પાકિસ્તાને કબાઈલિયોંના માધ્યમથી જમ્મુ-કાશ્મીર પર આક્રમણ કરી દીધું.

જમ્મુ મુખ્યત્વે પાંચ ભાગમાં વહેંચાયેલું છે... જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગીલગીટ, બહાઉસ્તાન... આમાથી ગીલગીટ અને બહાઉસ્તાન તો વિભાજન વખતે પાકિસ્તાન પાસે ચાલ્યા જ ગયા હતા... અને અફઘાનિસ્તાનની સીમા સાથે સ્પર્શેલું લદ્દાખ ક્ષેત્ર પણ જો પાકિસ્તાનમાં ભેળવી દેવામાં આવે તો ભારત માટે ઘણી મોટી મુશ્કેલી ઊભી થઈ જાય...

આ માટે ૧૯૪૭-૪૮ના હુમલા વખતે પાકિસ્તાનની આર્મીનું મુખ્ય ટાર્ગેટ લદ્દાખ હતું. દ્રાસ, કારગીલ પર કબજો મેળવીને પાકિસ્તાન આર્મી આગળ વધી રહી હતી...

એ વખતે ઝંસ્કાર વેલીમાં બકુલા રિમ્પો છે આ મુસીબતનો સામનો કરવાની નીતિ બનાવી રહ્યા હતા દુશ્મનના ટાર્ગેટ પર આ લોકપ્રિય ધર્મગુરુ હતા જ તે કહેવાની જરૂર નથી...

ભારતીય સૈન્ય તે સમયે પ્રતિકૂળ ભૌગોલિક પરિસ્થિતિને કારણે લદ્દાખની મદદે તરત પહોંચી શકે તેમ ન હતું. જનરલ માણેક શાએ પણ સૈન્ય ત્યાં નહીં જ પહોંચી શકે, તેવી વાત નહેરુને કરી દીધી હતી...

આવા સમયે કુશોક બકુલા રિમ્પોછે એ એ સાહસિક નિર્ણય લીધો... અને લેહ પાસે હવાઈ પટ્ટી બનાવવા લાગ્યા... ૧૯૪૦થી ૪૭ સુધી તેમણે જે રીતે લદ્દાખને પગતળે ઘસી નાખ્યું હતું... તે જનસંપર્ક અને જનસહયોગ તેમને કામ લાગ્યો.... અને જોતજોતામાં હવાઈ પટ્ટી તૈયાર થઈ ગઈ... આ જ હવાઈ મથક આજે 'કુશોક બકુલા હવાઈ મથક' તરીકે પ્રચલિત છે...

હવે કપરું કાર્ય એ હતું કે આ જોખમી પર્વતીય અને



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

કામચલાઉ હવાઈ પટ્ટી પર કયો ભારતીય સપૂત ફાઈટર પ્લેન લેન્ડ કરવાની હિંમત કરે ! પાઈલટ મેરસિંહે આ બીડુ ઝડપ્યું... જનરલ કુન્હૈયા (જો મારી ભૂલ ન થતી હોય તો) આ બંને શૂરવીરો એ કઠિન કાર્ય પાર પાડ્યું.. અને લોક સહયોગ અને કુશોક બકુલાની મહેનત રંગ લાવી...

આટલું હજુ માંડ થાળે પડ્યું ત્યાં, શેખ અબ્દુલ્લાએ 'લેંડ સિલિંગ એક્ટ' લાગુ કર્યો... જે મુજબ કોઈ પણ વ્યકિત અથવા સંસ્થા અમુક એક્ટથી વધુ જમીન રાખી શકે નહીં... આ કાનૂનનો લદ્દાખમાં ખૂબ વિરોદ થયો... લદ્દાખમાં બૌદ્ધ વિહાર, મઠ અને ગોમ્પોઓની બધી અર્થવ્યવસ્થા કૃષિ પર આધારિત હતી...

કુશોક બકુલાએ 'અખિલ લદ્દાખ ગોમ્પા સમિતિ' બનાવી અને પહેલાં શેખ અબ્દુલ્લાને મળ્યા... પરંતુ મેળ ન પડ્યો... ત્યારબાદ તેઓ દિલ્હી ગયા અને નહેરુને મળ્યા... તેમણે આંબેડકરજીને મળવાનું સૂચન કર્યું. અંતે ભીમરાવજીએ તેમને સહાય કરી અને પરિણામે લદ્દાખના મઠ અને ગોમ્પાઓને 'લેન્ડ સિલિંગ એક્ટ'માંથી મુક્તિ મળી...

કુશોક બકુલા ૧૯૫૭ થી ૧૯૬૨ સુધી એમ.એલ. એ. રહ્યા. ત્યારબાદ ૧૯૬૭ અને ૧૯૭૧માં લદ્દાખથી જ લોકસભાનું પણ પ્રતિનિધિત્વ કર્યું...

સ્થળ અને શબ્દોની મર્યાદાને કારણે ૧૯૯૦માં મંગોલિયામાં ભારતીય રાજદૂતના રૂપમાં જે અદ્ભૂત કાર્ય કરીને મોટું રાષ્ટ્રીય સંકટ ટાળી દીધું તે વાત વિગતે ફરી કોઈ વાર... પરંતુ તેમની સેવાઓને ધ્યાનમાં લઈને ૧૯૮૮માં તેમને 'પદ્મભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા..

૧૯૫૪ માં વિધાનસભામાં તેમણે કહ્યું હતું કે, 'અમે લદ્દાખના લોકો વારંવાર કહીએ છીએ કે અમે માતૃભૂમિ ભારતના જ અંગ છીએ.'

૧૬ નવેમ્બર ૨૦૦૩ના દિને આ મહાન વ્યકિતએ દેહત્યાગ કર્યો...

કુશોક બકુલા મુખ્યતઃ આધ્યાત્મિક ગુરુ હતા... પરંતુ તેમણે સમાજ સુધારક, શિક્ષક, રાજનેતા, રાજદૂત જેવી વિભિન્ન ભૂમિકાઓ બખૂબી નિભાવી... આ જન્મશતાબ્દી પર તેમને શત્ શત્ વંદન - (૨૧ એપ્રિલે ગુજ. યુનિ.માં તેમના જન્મશતાબ્દી કાર્યક્રમમાં - સેન્ટ્રલ યુનિ, હિમાચલ પ્રદેશ, કુલપતિના વકતવ્ય તથા વીકીપીડિયામાંથી સાભાર.)

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# 'સ્વ'ની ખોજ તરફ લઈ જતી ગુજરાતી ફિલ્મ 'રેવા'

"લે, ખાઈ લે..."

દસ-બાર વર્ષની એક છોકરી મકાઈનો ડોડો બનાવીને કંતાનની લંગોટી ભેર પડેલા તાવથી તડપતા નર્મદા કિનારે શીલાઓ પર ભૂખથી ગ્રસિત યુવાનને કહે છે... યુવાન પુછે છે... 'મા, તુ કોણ છે?'

જવાબ સાંભળીને તેને બ્રહ્માંડ ડોલતું દેખાય છે... એ જવાબ હતો... રેવા...

જાણીતા લેખક ધ્રુવ ભટ્ટીની લગુ નવલમાં અને ફિલ્મમાં આ દશ્ય વાચક અને દર્શક પર અમીટ છાપ છોડી જાય છે. ફિલ્મના સર્જકોએ સિનેમાના માધ્યમને અનુરુપ મનોરંજક ફેરફારો કથામાં કર્યા છે. તો ભેડાઘાટ, ગૌરિઘાટ, માહેશ્વર ઘાટ, માંગરોળ અને દીવમાં અદ્ભૂત શુટીંગ થયું છે. કોઈ પણ પ્રકારની આધુનિક સુખ-સુવિધા વિના મસ્તીભર્યું ને આહ્લાદક જીવન જીવતા પુરિયા, બિંત્તુબુંગા, ગંડુ ફકીરના પાત્રો હોય કે સુપ્રિયા - શાસ્ત્રીજી અને ગુપ્તાજી જેવા ભણેલા ગણેલા વ્યક્તિત્વો હોય, દર્શક એમની સાથે જોડાઈને એમનામાં ઓતપ્રોત થાય છે. દિગ્દર્શકો વિનિત કનોજિયા તથા રાહુલ ભોળે અને નિર્માતા પરેશ વોરાએ લાંબા સમય સુધી યાદ રહે એવી સુંદર ગુજરાતી ફિલ્મ આપી છે.

તત્ત્વમસિ આધારિત ફિલ્મ 'રેવા'માં નર્મદાના કિનારે રહેતા ભોળા ગ્રામજનો, તેમની લાઈફ સ્ટાઈલ, તેમની રોજિંદી પ્રવૃત્તિમાં ધબકતો નર્મદા પ્રત્યેનો શ્રદ્ધાને ભક્તિનો ભાવ, મંદિર નિવાસ કરનારાઓનું આતિથ્ય, પરિક્રમાવાસીઓ અને તેમની પરિક્રમાના અનુભવો, તેમને પડતી મુશ્કેલીઓ, હિંસક પશુઓ, આશ્રમવાસીઓનું જીવન અને તેમાંથી છલકાતી ભક્તિસભર સરળતા... વગેરે અદ્ભૂત રીતે વ્યક્ત થયું છે.

ફિલ્મની સફળતા એ છે કે દર્શક ભૂલી જાય છે કે ફિલ્મ જોઈ રહ્યા છે, જાણે નર્મદા કિનારે આ ઘટનાઓનો એ સાક્ષી છે એવી સાહજિકતા એ અહીં અનુભવે છે. નર્મદાના જંગલોમાં વસતા અને શ્વસતા વનવાસીઓની કથામાં પડઘાય છે લોકમાતા રેવા પ્રત્યેની આસ્થા દર્શક જયારે સિનેમાઘરમાં બહાર આવે છે ત્યારે કોઈ પણ સૂત્રોચ્છાર કર્યા વિના સધિંત ભક્તિભાવે એ મનોમન નર્મદા સ્નાન કરીને બહાર આવતો હોય એવી અનુભૂતિ થાય છે.

સિનેમેટોગ્રાફી અદ્ભૂત છે. ઘણા, ડાયલોગ હિન્દી-અંગ્રેજીમા પાત્રના ભાગ રૂપે જ આવ્યા છે. એટલે નવી જનરેશન જરા વધુ નિકટતાથી ફિલ્મ સાથે જોડાઈ શકે છે. સવારે નર્મદા અને સાંજ ઢળે રેવા બની જતી, ખળખળ વહેતી નદી અને તેની આસપાસનું જનજીવન, એમનો પ્રેમ-એમના રાગદ્વેષ-એમનું આતિથ્ય - એમની ભક્તિ અને મા રેવા પ્રત્યેની શ્રધ્ધા ફિલ્મની પ્રત્યેક ફ્રેમમાં ધબકે છે. ભેડાઘાટના ડ્રોનથી લીધેલા શોટ્સ, નર્મદા માતાને સાડી ઓઢાડવાનું દશ્ય, પરિક્રમાના દશ્યો લાજવાબ છે. કશુંયે છુપાવ્યા વિના આદિવાસી પ્રજાના રીતરિવાજ - માન્યતાઓ - પરંપરાઓ - ખુમારી - ને સંસ્કૃતિ જે છે તેમ રજૂ કરાયા છે.

સવાર-સાંજ મંદિરે જાપ નહિ કે સેવા પૂજા કરે નહિ તેવાઓને પણ ગમે એવો નાયક કરણ શાસ્ત્રીજીને કહે છે, 'મને ભગવાનમાં શ્રદ્ધા નથી...' ત્યારે શાસ્ત્રીજી જવાબમાં કહે છે, 'ભગવાનમાં



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

હોય કે ન હોય, શ્રદ્ધઆ હોવી જરૂરી છે, આમ પણ આપણે દેશ ધર્મ પર નહિ, અધ્યાત્મ પર ટકી રહ્યો છે...'

ગુજરાતી ફિલ્મોના પ્રવાહમાં 'રેવા' એક એવી ફિલ્મ છે, જેણે અંગ્રેજી મીડિયમના વિદ્યાર્થીઓને પણ આકર્ષ્યા છે. આ ફિલ્મ જોઈને લોકો 'તત્ત્વમસિ' વાર્તા વાંચવા સુધી વળ્યા છે, બીજા કયા લેખકોની કઈ નોવેલ પરથી ફિલ્મો બનવી જોઈએ એની ચર્ચા કરતા થયા છે.

'રેવા' ફિલ્મ જોયા બાદ ગુજરાત અને મધ્યપ્રદેશમાં આવેલા નર્મદાના તીર્થસ્થાનો પર જનારા થોડા લોકોનો ઉમેરો જરૂર થશે. નદી એ લોકમાતા છે અને તેના કિનારે જ સંસ્કૃતિ વિકસિત થઈ છે. એ વાતની અનુભૂતિ ફિલ્મ જોયા પછી જરૂર થાયછે અને તેથી જ મહાનગરનો કે ગામડાનો, જનજન નદીઓને સ્વચ્છ રાખવામાં પણ સંભવ છે, જોડાશે જ. ચલચિત્રના માધ્યમ દ્વારા લોકમાતા એવી નર્મદાની, રેવાની પ્રતિ લોકોમાં શ્રદ્ધા વધે ત્યારે એ સમૂહ માધ્યમ થકી પણ દીવડા પ્રગટે છે અને અજવાળા રેલાય છે.

**લાઈટ હાઉસ :**

ઈન્ડિયન ઓશન બેન્ડ દ્વારા તૈયાર થયેલ 'મા રેવા તેરા પાની...' આલ્બમ જોઈ - સાંભળીને પણ નર્મદા તટે હોવાની અનુભૂતિ થશે... પ્રયત્ન કરી જોજો.